જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૬ લીટર દેશી દારૂ, ૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૬૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૯૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૭૯૯/૨૦૨૬**

ઘાટલોડીયાઃ સોહનસિંહ ભજેસિંહ (ઉ.વ.૩૫)(રહે.ચાણક્યપુરી સેક્ટર–૪ રોહિતનગર) (મુળ વતનઃ ગામ–માયલી સીરીયારી તા–સીરીયાલી જી–પાલી રાજસ્થાન) તા.૦૫/૦૬/૨૦૨૬ સાંજના ૪/૨૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ભુયંગદેવ ચાર રસ્તા પાસે શારદાવિદ્યા મંદિરની સામે "આર્યન ડી કાસા" નામની નવી બનતી સાઇડ ખાતે "E" બ્લોકના પાંચમા માળે બારીના ભાગેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજા થતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ગોપાળભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી